# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## દિવ્ય અનુભવ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાન પોતાના પાર્ષદો સાથે ઝાલાવાડ વિસ્તારના ગામડાઓમાં વિચરણ કરતા હતા. કોઈ ગામમાં ભક્તને ઘેરથી મહારાજ વહેલા ઉઠ્યા. હજી બ્રાહ્મમુહૂર્ત શરૂ થયું ન હતું. પાર્ષદોને કહે ચાલો આપણે અહીંથી નીકળીએ. આગળ ક્યાંક સરોવર કે નદી આવશે ત્યાં સ્નાન કરીશું. મહારાજ ચાલ્યા. કોઈ ગામની ભાગોળમાંથી પસાર થતા હતા. પ્રભુ પોતાના પાર્ષદોને કહે છે - અહીં પણ આપણા ભક્ત રહે છે. સામે જ એમનું ઘર છે. પણ આપણે એમને જગાડવા નથી પરંતુ જાગ્યા છે કે નહી એ જોતા જઈએ. એમ કહીને મહારાજ એ ભક્તની ડેલીએ આવીને ઉભા રહ્યા અને એજ વખતે એ ભક્તે જાગીને સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ..... મંત્રનો મંગળ ઉચ્ચાર કર્યો. ત્યાં શ્રીજી મહારાજ કહે છે, ‘‘હા.... બોલો.’’ આ કોનો અવાજ ! મેં સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ..... નામનો ઉચ્ચાર કર્યો ને આ હોકારો કોણે આપ્યો ? જ્યાં દરવાજો ખોલ્યો ત્યાં માણકી ઉપર બિરાજમાન પાર્ષદો સાથે મહારાજ ! કેવી સુંદર વાત છે ! હે પ્રભુ ! તમે અત્યારે ક્યાંથી ? અહીં સવારના વહેલા અંધારામાં ! મહારાજ કહે છે - ‘‘તમે બોલાવ્યા ને’’ મહારાજ એ તો મારી કાયમની ટેવ છે. હું ઉઠું એટલે સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ...... એમ બોલું છું. મહારાજ કહે - ‘‘અમારી એ ટેવ છે, કોઈ અમને બોલાવે એટલે હાજર થવું. સવારે જાગીને જે અમારૂં નામ પોકારે એને ત્યાં અમે હાજર.’’

મિત્રો ! આટલું આ નિયમ તો જરૂર રાખજો. સવારે જાગતાની સાથે ભગવાનનું નામ મુખમાં આવવું જોઈએ. પથારીમાંથી જ્યાં આંખ ઉઘડે ત્યાં પહેલું જ ઈષ્ટદેવનું નામ હોઠે આવવું જોઈએ. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ.... નામ મુખ પર આવવું જોઈએ.

તમે એવી શંકા ન કરતા, અમે કાયમ સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ.... નામ બોલીએ છીએ પણ શ્રીજી મહારાજે હજી સુધી હોંકારો નથી આપ્યો. એવી શંકા ન કરશો. એક ભક્તને અનુભવ થયેલો. અત્યારે એ હયાત છે. સવારે જાગે એટલે પથારીમાં જ પલાંઠી વાળીને પાંચ મિનિટ બેસી જાય અને સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરે. ત્યાં એક દિવસ એમને થયું કે મારે માથે કોઈ પ્રેમથી કોમળ હાથ ફેરવે છે. ધ્યાનમાં હતા પણ એકદમ અલૌકિક અનુભવ થયો કે કોઈકનો કોમળ વાત્સલ્ય ભર્યો હાથ મારા માથા ઉપર છે. બહુ મીઠું લાગ્યું. જ્યાં આંખ ખોલી કોઈ હતું નહી. પણ હાથના દિવ્ય અનુભવથી એવો આનંદ થયો કે જે જીંદગીમાં ક્યારે પણ અનુભવ્યો ન હોય. એ મંગલમય વાતાવરણમાં બધા જ સંકલ્પ-વિકલ્પ વિરમી ગયા. પાંચેક મિનિટ પછી એમ થયું આ કોનો હાથ હશે? શું હશે ? પણ અદ્‌ભુત હાથ હતો. ચાર-પાંચ વરસ થઈ ગયા છતાં પણ સવારમાં જ્યારે ધ્યાનમાં બેસું ત્યારે એમ થાય કે એ હાથ હજુ મારા ઉપર અખંડ ફરે છે.

મિત્રો ! સવારના ઉઠીને એકદમ આપણા મનને કોઈ ઘરની કે વ્યવહારની કોઈ પ્રવૃત્તિમાં જોડી ન દેવું. સવારના જાગીએ એટલે સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ.... મહામંત્રનો ઉચ્ચાર કરવો. મનમાં નહીં મોટેથી બોલવું. કદાચ કોઈ વઢે તો સાંભળી લેવું. વઢે એટલા માટે કે કોઈને હજુ ઉંઘવાનો મુડ હોય, ઘણાય માણસો એવા હોય છે કે દા’ડો ઉગે તોય હજી ઉંઘવાના મુડમાં જ હોય. સૂર્યનારાયણનો ઉદય થાય છતાં એને પથારી બંધ કરવાનું મન ન થાય. એવા કદાચ ખિજાય ખરા પણ કાંઈ ચિંતા નહી. ઉઠીને પાંચ વાર નામ તો લઈજ લેવાનું અને સમય પ્રમાણે પછી પરમાત્માનું ચિંતન મનન કરવું. ધીરે ધીરે તમને ચોક્કસ અનુભવ થશે કે તમારૂં એ ધ્યાન સવારમાં બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને તમે જે લીધેલું નામ સ્મરણ એ સાક્ષાત્‌ ભગવાન સ્વીકારે છે.

માટે સવારના ભજન-ધ્યાન કરવાનું ભૂલવું નહિ. અને એ વખતે વ્યાવહારિક કોઈ પ્રવૃત્તિ કરવી નહીં.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીના આ શબ્દો કાયમ યાદ રાખવા જેવા છે.

**"રવિ રહે પાછલી ચાર ઘટિકા તૈયેં,**
**સંતને શયન તજી ભજન કરવું.**
**સ્વામિનારાણ નામ ઉચ્ચારવું,**
**પ્રગટ પરિબ્રહ્મનું ધ્યાન ધરવું.**
**ભજન ભજી એ સમે અન્ય ઉદ્યમ કરે,**
**નારકી થાય તે નરને નારી."**

માટે હે ભક્તો ! સવારના જાગીને સ્વામિનારાયણ નામ ઉચ્ચ સ્વરે બોલવાનું નિયમ કાયમ માટે રાખજો. તો પરમ કૃપાળુ ઈષ્ટદેવનો અભયપ્રદ કોમળ હાથ તમારા મસ્તક ઉપર ફરશે. અને અક્ષરધામના દિવ્ય સુખનો અનુભવ ચોક્કસ થશે.

●

**નાના બાળકમાં આવી હિંમત ?**

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

દાદાજી...દાદાજી.... તમને એક વાત કહું. આજે તો નિશાળમાં અમને અમારા શિક્ષકે નભ મંડળ, તારા અને ગ્રહો વિશે ભણાવ્યું. સૂર્ય, બુધ, ગુરુ, મંગળ વગેરે ગ્રહો વિશે તેમજ સપ્તર્ષિ, ધ્રુવ વગેરે તારા મંડળોની બહુ સારી વાત કરી. મને તો બહુ મજા પડી ગઈ. દાદાજી એક વાત કરું ? હા બેટા. દાદાજી આ બધા તારા, ગ્રહો બધું આકાશમાં ફરે છે પણ ધ્રુવનો તારો સ્થિર કેમ છે તે મને સમજાયું નહી. તમને ખબર છે આ ધ્રુવના તારા વિશે ?

હા, બેટા ! ચાલ આજે તેં યાદ કરાવ્યું જ છે તો તને ધ્રુવની વાત કરું. શ્રીમદ્ ભાગવતમાં ધ્રુવ આખ્યાન છે તેની વાત તને કરું તે તું શાંતિથી સાંભળજે. સાંભળીશ ને ? હા, દાદાજી. ભારત દેશમાં એક રાજા થઈ ગયા. તેનું નામ ઉત્તાનપાદ. આ રાજાને સુનિતી નામે રાણી હતા. તેમને એક પુત્ર હતો. તેનું નામ ધ્રુવ. આ ધ્રુવ રાજાને ઘણો વ્હાલો હતો. રાજા જ્યાં હોય ત્યાં આ પુત્ર ધ્રુવને સાથે રાખે. લાડકોડથી ધ્રુવનો ઉછેર થતો હતો.

થોડા સમય પછી રાજાના લગ્ન સુરૂચિ નામની રાણી સાથે થયા. લગ્ન પછી પ્રથમ રાણી સુનિતી અને તેના પુત્ર ધ્રુવની કિંમત ઘટી ગઈ. તેઓ અણમાનિતા થઈ ગયા.

એક વખતની વાત છે. રાજા ઉત્તાનપાદ અને રાણી સુરૂચિ બેઠા હતા. અને તેમનો પુત્ર કે જેનું ના ઉત્તમ હતું તે રમતો હતો. એવા સમયે ધ્રુવ પણ ત્યાં આવી પહોંચ્યો અને જ્યાં પિતાના ખોળામાં બેસવા જાય છે ત્યાં તો સૂરૂચિએ નાનકડા બાળક ધ્રુવને ધક્કો મારી હડસેલી દીધો. અને કહેવા લાગી - તું તો સુનિતીનો પુત્ર છે તેથી તને રાજાના ખોળામાં બેસવા નહી મળે. રાજાના ખોળામાં બેસવા માટે તારે મારે ત્યાં જન્મ લેવો હતો. હવે તો ભગવાનનું તપ કરી રાજી કર તો તારી ઈચ્છા પુરી થાય. પોતાના આવા અપમાનથી ધ્રુવનું હૃદય દ્રવી ઉઠ્યું. માતા સુનિતી પાસે જઈને બધી વાત કરી અને જીદ પકડી કે હવે હું વનમાં જઈને ભગવાનનું તપ કરી તેમની પ્રસન્નતા મેળવીશ. ત્યારે માતા સુનિતીએ સમજાવવા પ્રયત્નો કર્યા પણ ધ્રુવ ન માન્યા ત્યારે માતાએ ભગવાનને રાજી કરવા માટે આશીર્વાદ આપી માથે હાથ મુકી વનમાં જવાની પરવાનગી આપી.

નાનો બાળક વનમાં ચાલ્યો જાય છે. કેમ તપ કરવું, કેવી રીતે ભગવાનની ભક્તિ-આરાધના કરવી તેનો ખ્યાલ નહી તેથી ભગવાનને પણ દયા આવી ગઈ. તેમણે નારદજીને આ બાળકના ગુરુ બની સાચો રસ્તો બતાવવાની આજ્ઞા કરી. નારદજીએ ધ્રુવ પાસે આવી તેની દ્રઢતાની પરીક્ષા કરી. ધ્રુવજીની દ્રઢતા જોઈ નારદજીએ યમુના નદીના કાંઠે સુંદર સ્થાનમાં તપ કરવા ધ્રુવજીને મોકલ્યા. નાનકડા બાળક એવા આ ધ્રુવે નારદજીએ બતાવેલી વિધિ મુજબ ભૂખ, તરસ, ગરમી, ઠંડી, વરસાદની ધારા આ બધું સહન કરી ભગવાનના ભજન-ભક્તિ, તપ શરૂ કર્યા. આટલા નાના બાળકની આટલી ભક્તિ અને આવું કઠોર તપ જોઈ પ્રભુ તેના પર પ્રસન્ન થયા અને દર્શન દીધા. તપની શરૂઆત આવેશમાં આવીને કરી હતી પણ ગુરુના સમાગમથી આવેશ બધા શાંત થઈ ગયા હતા. પ્રભુએ દર્શન આપી વરદાન માંગવાનું કહ્યું ત્યારે ધ્રુવજી તો નાના બળક તે શું માંગે ! બસ ભગવાન સામું જોઈ રહ્યાં. ભગવાને આ બાળક પર અતિ પ્રસન્ન થઈ કલ્યાણનું વરદાન આપ્યું અને તેમને ઉત્તર દિશામાં આકાશમાં એક લોક સ્થાપી દીધો તે ધ્રુવ લોક. અને તે ધ્રુવલોકમાં ધ્રુવજીને અવિચળ પદ આપી ત્યાંના રાજા બનાવી દીધા.

(અનુ. પેજ નં. ૨૫ ઉપર)

બેટા ! એટલા માટે ધ્રુવનો તારો ઉત્તર દિશામાં સદાય સ્થિર રહી ચમકે છે. અને ભક્તધ્રુવની ભગવાન પ્રત્યેની ભક્તિની દૃઢતાની સાક્ષી પૂરે છે. બેટા ! વળી આ આખ્યાન આપણને બે-ત્રણ બોધ આપી જાય છે. એક તો એ કે ભલે આપણું અપમાન કરીને પણ જે આપણને ભગવાનનો માર્ગ બતાવે તો તે આપણા શત્રુ નહીં પણ સાચા મિત્ર છે. સુરૂચિએ ધ્રુવજીને ધક્કો મારી તપ કરવાનો માર્ગ બતાવ્યો તો ધ્રુવજીને આવા મોટા પદની પ્રાપ્તિ થઈ. બીજી વાત એ છે કે ભગવાનની ભક્તિ કરી ભગવાનની પ્રાપ્તિ કરવા માટે ગુરુની આવશ્યકતા છે. જો નારદજી મળ્યા તો ધ્રુવજી નિષ્ઠાથી ભક્તિ કરી પરમાત્માને પામી શક્યા. અને ત્રીજી વાત એ કે ભગવાન રાજી થાય અને માગવાનું કહે પણ જો નહી માગીએ તો ઠાકોરજી આપણી અપેક્ષાથી પણ અનેકગણું આપશે. જેમ કે ધ્રુવજીએ કાંઈ ન માંગ્યું તો આવા મોટા પદની પ્રાપ્તિ તેમને થઈ.

બાળમિત્રો ! જોયું ને દાદાજીએ કેવી સુંદર વાત કરી. ધ્રુવની જેમ આપણે પણ જો નાનપણથી જ ભગવાનની ભક્તિ કરીશું તો ભગવાનની પ્રસન્નતા અને સાચા સુખના અધિકારી થઈશું.

એટલા માટે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને આ સત્સંગમાં એવી અજોડ રીત સ્થાપી છે કે આ સંપ્રદાયમાં નાનો બાળક હોય ત્યારથી ભગવાનની પૂજા-ભક્તિ વગેરે કરે છે. તો મિત્રો ! તમે પણ જો દરરોજ સવારે પૂજા ન કરતા હો તો આજથી શરૂ કરી દેજો હોને....